કે.ડી. NEWS
તારીખ : 16/07/2026

# સાવરકુંડલામાં વિકાસની નવી કેડી: રૂ. ૮૯૦ લાખના વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત સંપન્ન



## જનપ્રતિનિધિઓની વિશેષ ઉપસ્થિતિમાં નગરજનોની ભવ્ય હાજરી વચ્ચે સાવરકુંડલામાં વિકાસ પર્વની ઉજવણી



## શહેરના સર્વાંગી ઉત્કર્ષ માટે પાલિકાની કટિબદ્ધતા: લોકસુવિધાના કામોથી સાવરકુંડલા વિકાસના પંથે અગ્રેસર








સાવરકુંડલા નગરપાલિકા દ્વારા શહેરના સર્વાંગી વિકાસને નવી ઊંચાઈઓ પર લઈ જવાના ઉમદા આશય સાથે રૂ. ૮૯૦ લાખના જંગી ખર્ચે વિવિધ વિકાસલક્ષી કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ ભવ્ય કાર્યક્રમમાં સાવરકુંડલાના નગરજનોની ઉમંગભરી અને વિશાળ ઉપસ્થિતિએ વિકાસ પ્રત્યેનો તેમનો અપરંપાર ઉત્સાહ અને વિશ્વાસ છલકાવ્યો હતો.આ વિકાસલક્ષી કાર્યક્રમમાં સરદાર વલ્લભભાઈ પટેલના સ્ટેચ્યુ અને સર્કલનું નિર્માણ, આઈકોનિક રોડ (જૈન બોર્ડિંગથી કાણકિયા કોલેજ માલધારી ચોક સુધી), આધુનિક પોલીસ ચોકી (કે.કે. હાઈસ્કૂલ પાસે) તથા શહેરની પાણીની સમસ્યાના નિવારણ માટે મહત્વની એવી ઓવર હેડ ટાંકી અને સંપના કામોનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું.

આ સાથે જ, નગરની સુરક્ષા અને સુવિધામાં વધારો કરતા ફાયર વોટર બાઉઝરનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું.કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે સાવરકુંડલા-લીલીયાના લોકપ્રિય ધારાસભ્ય માન. મહેશભાઈ કસવાલા, એસ.પી. અમરેલી શ્રી સંજય ખરાત (IPS) તેમજ સાવરકુંડલા નગરપાલિકાના તેજસ્વી પ્રમુખ શ્રીમતી નયનાબેન કાપડિયા ઉપપ્રમુખ શ્રીમતી નૂતનબેન તન્ના કારોબારી ચેરમેન જીગ્નેશભાઈ ટાંક તેમજ નગરપાલિકા સદસ્યશ્રીઓની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

મહાનુભાવોના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય અને શાસ્ત્રોક્ત વિધિ સાથે વિકાસ કાર્યોનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત ૨૦૦૦ વૃક્ષોના વાવેતરનો સરાહનીય કાર્યક્રમ પણ યોજાયો હતો, જેણે પર્યાવરણ જાળવણી અને પ્રકૃતિ પ્રેમી સાવરકુંડલાનો સંદેશ સૌ કોઈને આપ્યો હતો.આયોજક સાવરકુંડલા નગરપાલિકા દ્વારા આ સમગ્ર કાર્યક્રમને ભવ્ય અને સફળ બનાવવા માટે ખૂબ જ જહેમત ઉઠાવવામાં આવી હતી. નગરના વિકાસમાં સહભાગી બનવા બદલ અને પોતાની ગરિમાપૂર્ણ હાજરીથી કાર્યક્રમની શોભા વધારવા બદલ ઉપસ્થિત તમામ મહાનુભાવો તેમજ નગરજનો નો પાલિકા પ્રશાસન દ્વારા હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# *'એક પેડ મા કે નામ' અભિયાન હેઠળ ૨૦૦૦ વૃક્ષોના વાવેતર સાથે પર્યાવરણ સંરક્ષણનો સંદેશ






તારીખ : 16/07/2026

# ભગવાન જગન્નાથજીની રથયાત્રા : દ્વાપરયુગથી આજ સુધી અવિરત ભક્તિ અને સંસ્કૃતિનો મહાપર્વ





આષાઢ સુદ બીજના પાવન દિવસે ઉજવાતી ભગવાન જગન્નાથજીની રથયાત્રા ભારતના સૌથી પ્રાચીન અને ભવ્ય ધાર્મિક ઉત્સવોમાંની એક છે. ભક્તિ, સમરસતા અને લોકઆસ્થાનું આ મહાપર્વ યુગોથી ભારતીય સંસ્કૃતિને જીવંત રાખે છે.પુરાણોમાં વર્ણવ્યા મુજબ, દ્વાપર યુગમાં ભગવાન શ્રીકૃષ્ણની બહેન સુભદ્રાજીએ પોતાના ભાઈ શ્રીકૃષ્ણને નગરદર્શન કરાવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. બહેનની આ ભાવનાને માન આપી ભગવાન શ્રીકૃષ્ણ અને મોટા ભાઈ બળભદ્રજી સાથે રથમાં બેસી નગરચર્યાએ નીકળ્યા હતા. આ ઘટનાને જ રથયાત્રાની પરંપરાનો આરંભ માનવામાં આવે છે.વર્તમાન સમયમાં ઓડિશાના પવિત્ર ધામ જગન્નાથ પુરીમાં ઈ.સ. ૧૧૫૦થી રથયાત્રાનું ભવ્ય આયોજન થતું આવ્યું છે. લગભગ ૯૦૦ વર્ષથી વધુ સમયથી આ પરંપરા અવિરત ચાલુ રહી છે અને આજે વિશ્વભરના કરોડો શ્રદ્ધાળુઓ આ ઉત્સવ સાથે જોડાય છે.રથયાત્રામાં ભગવાન જગન્નાથજી, ભાઈ બળભદ્રજી અને બહેન સુભદ્રાજી એમ ત્રણેય દેવોના અલગ-અલગ રથ તૈયાર કરવામાં આવે છે. દર વર્ષે નવા લાકડાથી પરંપરાગત વિધિ અનુસાર આ રથોનું નિર્માણ કરવામાં આવે છે.

### ભગવાન જગન્નાથજીનો રથ – નંદીઘોષ

ભગવાન જગન્નાથજીના રથને 'નંદીઘોષ' તરીકે ઓળખવામાં આવે છે. તેની ઊંચાઈ અંદાજે ૪૪ ફૂટ ૨ ઈંચ હોય છે અને તેમાં ૧૬ પૈડાં હોય છે. આશરે ૮૩૨ લાકડાના ટુકડાઓ વડે દર વર્ષે નવો રથ બનાવવામાં આવે છે. રથનું માપ લગભગ ૩૪.૫૦ ફૂટ × ૩૪.૫૦ ફૂટ હોય છે. ગરુડ આ રથના રક્ષક માનવામાં આવે છે, દારૂક તેના સારથિ છે અને ધ્વજનું નામ 'ત્રૈલોક્યમોહિની' છે. રથના છત્રનો રંગ લાલ અને પીળો હોય છે.

### ભગવાન બળભદ્રજીનો રથ – તાલધ્વજ

ભગવાન બળભદ્રજીના રથનું નામ 'તાલધ્વજ' છે. તેની ઊંચાઈ આશરે ૪૩ ફૂટ ૩ ઈંચ હોય છે અને તેમાં ૧૪ પૈડાં હોય છે. રથના છત્રનો રંગ લાલ અને વાદળી-લીલો હોય છે. આ રથના રક્ષક વસુદેવ માનવામાં આવે છે. બળ, ધૈર્ય અને શૌર્યનું આ રથ પ્રતીક માનવામાં આવે છે.

### માતા સુભદ્રાજીનો રથ – દર્પદલન (દેવદલન)

માતા સુભદ્રાજીના રથને 'દર્પદલન' અથવા 'દેવદલન' તરીકે ઓળખવામાં આવે છે. આ રથમાં ૧૨ પૈડાં હોય છે અને તેની ઊંચાઈ અંદાજે ૪૨ ફૂટ હોય છે. રથના છત્રનો રંગ લાલ અને કાળો હોય છે. આ રથ શક્તિ, કરુણા અને માતૃત્વનું પ્રતીક માનવામાં આવે છે.ત્રણેય રથોના દ્વારપાલો, અશ્વો, ધ્વજો અને રંગોની પણ વિશેષ પરંપરા છે. દ્વારપાલ તરીકે જયા-વિજયા, નંદા-સુનંદા તેમજ ગંગા-જમના જેવા પૌરાણિક પાત્રોનું વિશેષ સ્થાન છે. દરેક રથના અશ્વોના નામ, ધ્વજ અને રંગો પણ આગવી ધાર્મિક માન્યતાઓ સાથે જોડાયેલા છે.ભગવાન જગન્નાથજીની રથયાત્રા માત્ર ધાર્મિક વિધિ નથી, પરંતુ સમગ્ર સમાજને સમરસતા, ભાઈચારો, સેવા, સમાનતા અને ભક્તિનો સંદેશ આપતો મહોત્સવ છે. લાખો ભક્તો ભગવાનના રથને દોરીને પોતાને ધન્ય માને છે અને એવી માન્યતા છે કે રથયાત્રાના દર્શન તથા રથની દોરી ખેંચવાથી પુણ્યફળની પ્રાપ્તિ થાય છે.આષાઢી બીજના પવિત્ર દિવસે દેશભરના જગન્નાથ મંદિરોમાં ભક્તિભાવ સાથે રથયાત્રાનું આયોજન થાય છે અને "જય જગન્નાથ"ના ગગનભેદી જયઘોષ વચ્ચે ભક્તો ભગવાનના દિવ્ય દર્શનનો લાભ મેળવે છે.અને ભગવાન જગન્નાથના ચરણોમાં વંદન કરી બધાની સુખાકારી માટે પ્રાર્થના કરવામાં આવે છે અને સમગ્ર વાતાવરણ ભક્તિમય બને છે.

કે.ડી. NEWS

તારીખ : 16/07/2026

# સાવરકુંડલામાં અષાઢી બીજ નિમિત્તે રામદેવપીર મંદિરે ભક્તિભાવપૂર્ણ ઉજવણી



## ભજન-ભોજન અને આખ્યાનથી માહોલ ભક્તિમય બન્યો

પવિત્ર અષાઢી બીજ નિમિત્તે સાવરકુંડલા સ્થિત સુખમેરા ડેમ પાસે આવેલા રામદેવપીર મંદિરે ભક્તિસભર કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા અને બાબા રામદેવપીરના દર્શનનો લાભ લીધો હતો.અષાઢી બીજના પાવન પર્વ પર મંદિર પરિસરમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. જેમાં ભજન-સંધ્યા અને આખ્યાનનું રસપાન કરી ભાવિકો મંત્રમુગ્ધ બન્યા હતા. કાર્યક્રમના અંતે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સેંકડો ભક્તોએ ભાવપૂર્વક ભોજન પ્રસાદ લીધો હતો.આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં 'બાબા રામદેવ યુવક મંડળ'ના તમામ સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી. મંડળના યુવાનોએ ખંત અને ઉત્સાહ સાથે મંદિરની વ્યવસ્થા, પ્રસાદ વિતરણ અને ભક્તોના સ્વાગત સહિતની તમામ જવાબદારીઓ કુશળતાપૂર્વક નિભાવી હતી. યુવક મંડળની આ નિસ્વાર્થ સેવાને લઈને ગ્રામજનો અને ભાવિકોમાં ભારે આનંદની લાગણી જોવા મળી હતી.સુખમેરા ડેમના રમણીય વાતાવરણ વચ્ચે યોજાયેલા આ ધાર્મિક મહોત્સવને લઈને આખું સાવરકુંડલા રામદેવપીરની ભક્તિમાં રંગાયેલું જોવા મળ્યું હતું.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 16/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




કે.ડી. NEWS

તારીખ : 16/07/2026

# અષાઢી બીજે ગાંધીનગરમાં કૌશલ્ય વિકાસને મળ્યો નવો વેગ:

## મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે રૂ. 20 કરોડથી વધુના 'કૌશલ્ય વિકાસ ભવન'નું ભૂમિપૂજન




અષાઢી બીજના પાવન પર્વે ગાંધીનગર ખાતે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે રૂ. 20 કરોડથી વધુના ખર્ચે નિર્માણ પામનારા *'કૌશલ્ય વિકાસ ભવન'*નું ભૂમિપૂજન વિધિવત્ સંપન્ન થયું. લઘુ ઉદ્યોગ ભારતી ગુજરાત અને ઉદ્યોગ વિકાસ પરિષદના સંયુક્ત ઉપક્રમે સાકાર થનારો આ મહત્ત્વાકાંક્ષી પ્રકલ્પ રાજ્યમાં કૌશલ્ય વિકાસ અને ઔદ્યોગિક પ્રગતિને નવી દિશા આપનાર બનશે.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્યના યુવાનોને સમયની માંગ મુજબ આધુનિક ટેકનિકલ કૌશલ્ય પ્રાપ્ત થાય અને તેઓ રોજગારી તેમજ સ્વરોજગારી ક્ષેત્રે આત્મનિર્ભર બને તે માટે ગુજરાત સરકાર સતત પ્રયત્નશીલ છે. કૌશલ્ય વિકાસ ભવન આ દિશામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન સાબિત થશે.

કાર્યક્રમમાં પૂજ્ય સ્વામી પરમાનંદ સરસ્વતીજી મહારાજના પાવન આશીર્વચન પ્રાપ્ત થયા હતા. તેમણે કૌશલ્ય સાથે સંસ્કારનું મહત્વ સમજાવતાં યુવા શક્તિને રાષ્ટ્રનિર્માણમાં સક્રિય યોગદાન આપવા પ્રેરણા આપી હતી.આ ભવનને 'Centre of Excellence' તરીકે વિકસાવવામાં આવશે, જ્યાં આધુનિક ઔદ્યોગિક જરૂરિયાતોને અનુરૂપ ટેકનિકલ તાલીમ, કૌશલ્ય વર્ધન, ઉદ્યોગસાહસિકતા વિકાસ અને રોજગારીલક્ષી વિવિધ અભ્યાસક્રમો દ્વારા યુવાનોને સક્ષમ બનાવવામાં આવશે. પરિણામે રાજ્યમાં કુશળ માનવબળ તૈયાર થવાની સાથે ઉદ્યોગોને પણ ગુણવત્તાસભર કાર્યશક્તિ ઉપલબ્ધ થશે.કાર્યક્રમમાં સંતો-મહંતો, સાંસદશ્રીઓ, ધારાસભ્યો,



મહાનુભાવો, વિવિધ ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, લઘુ ઉદ્યોગ ભારતી ગુજરાત અને ઉદ્યોગ વિકાસ પરિષદના હોદ્દેદારો, ઉદ્યોગપતિઓ, દાતાશ્રીઓ તેમજ મોટી સંખ્યામાં શહેરીજનોએ ઉપસ્થિત રહી આ ઐતિહાસિક પ્રસંગના સાક્ષી બન્યા હતા.અંતે મુખ્યમંત્રીશ્રીએ આ ભવ્ય પ્રકલ્પના નિર્માણમાં ઉદાર હાથે સહયોગ આપનારા તમામ દાતાશ્રીઓનો આભાર વ્યક્ત કરી તેમના યોગદાનને સમાજ અને રાજ્યના વિકાસ માટે પ્રેરણાદાયી ગણાવ્યું હતું.

આ કૌશલ્ય વિકાસ ભવન આવનારા સમયમાં ગુજરાતના યુવાનો માટે જ્ઞાન, કૌશલ્ય અને આત્મનિર્ભરતાનું સશક્ત કેન્દ્ર બની રાજ્યના ઔદ્યોગિક વિકાસને વધુ ગતિ આપશે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 16/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# TIWANA NUTRITION GLOBAL PVT LTD

## પશુપાલન કરતા ભાઈઓ અને માલધારી ભાઈઓ માટે ખાસ  ખુશ ખબર...ખુશ ખબર... ખુશ ખબર...

## પંજાબ ની પ્રખ્યાત એવી ટીવાના કંપનીનું દાણ હવે આપણા શહેર સાવરકુંડલામાં...




**પશુઆહારમાં ભારત ની લોકપ્રિય અને પ્રીમિયમ ક્વોલિટીમાં નંબર-૧ રિઝલ્ટ આપતી પંજાબની કંપની હવે આપણા સાવરકુંડલા શહેરમાં ટીવાના કંપનીનાં દાણ ની તમામ પ્રોડક્ટ હાજર સ્ટોકમાં મળશે.**

**પ્રોડકટ માટે અમારા ડીલર ની આજે જ મુલાકાત કરો.**


## ડીલર : એસ.જે. માધવાણી

**જગદીશભાઈ માધવાણી- મો. 99040 62182**

**જલારામ મંડપની બાજુમાં,દેવળા ગેઈટ, સાવરકુંડલા**

કે.ડી. NEWS
તારીખ : 16/07/2026

# ગુજરાતી સાહિત્યના સંવેદનશીલ સર્જક સ્વ. દિલીપ રાણપુરાની પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ



આજે, ૧૬ જુલાઈએ ગુજરાતી સાહિત્યના ખ્યાતનામ નવલકથાકાર, વાર્તાકાર અને ચરિત્રકાર સ્વ. દિલીપ નાગજીભાઈ રાણપુરાની પુણ્યતિથિ નિમિત્તે સમગ્ર સાહિત્યજગત તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી રહ્યું છે.સ્વ. દિલીપ રાણપુરાનો જન્મ ૧૪ નવેમ્બર, ૧૯૩૧ના રોજ ધંધુકા ખાતે થયો હતો. તેમણે પી.ટી.સી.નો અભ્યાસ પૂર્ણ કરીને શિક્ષક તરીકે સેવાઓ આપી હતી અને વિદ્યાર્થીનિષ્ઠ, કર્તવ્યપરાયણ શિક્ષક તરીકે આગવી ઓળખ ઊભી કરી હતી. શિક્ષણક્ષેત્રે સેવાઓ આપતાં આપતાં તેમણે ગુજરાતી સાહિત્યને અનેક અમૂલ્ય કૃતિઓ ભેટ આપી હતી.તેમની પ્રથમ મૌલિક કૃતિ 'માણસાઈનું રૂદન' હતી. ત્યારબાદ તેમણે નવલકથા, ટૂંકી વાર્તા, ચરિત્ર લેખન સહિત વિવિધ સાહિત્ય સ્વરૂપોમાં નોંધપાત્ર સર્જન કર્યું. તેમની કલમમાં માનવીય સંવેદના, ગ્રામ્ય જીવનની સુગંધ, સામાજિક મૂલ્યો અને જીવનના વિવિધ પાસાઓનું જીવંત ચિત્રણ જોવા મળે છે. તેમની કૃતિઓ આજે પણ વાચકોને વિચારવા પ્રેરે છે અને ગુજરાતી સાહિત્યમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે.૧૬ જુલાઈ, ૨૦૦૩ના રોજ તેમણે આ દુનિયાને અલવિદા કહી હતી, પરંતુ તેમની સાહિત્યિક વારસો આજે પણ અવિનાશી છે. તેમની રચનાઓ આવનારી પેઢીઓને પ્રેરણા આપતી રહેશે અને ગુજરાતી ભાષા-સાહિત્યને સમૃદ્ધ બનાવતી રહેશે.સ્વ. દિલીપ રાણપુરાની પુણ્યતિથિએ તેમને કૃતજ્ઞતાપૂર્વક વંદન સાથે ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ.

તારીખ : 16/07/2026

# કે.ડી. NEWS

નો નેગેટીવ ન્યુઝ

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



તારીખ : 16/07/2026

# સોના-ચાંદીમાં બેતરફી વધઘટ, ક્રૂડ ઓઈલમાં તેજી અટકી ભાવમાં પીછેહટ







વૈશ્વિક બજારમાં અમેરિકાના ફુગાવાના આંકડા અપેક્ષા કરતાં ઓછા આવતાં રોકાણકારોમાં નવી આશા જાગી છે. બજારના જાણકારોના જણાવ્યા મુજબ હવે અમેરિકામાં વ્યાજદરમાં વધુ વધારો થવાની શક્યતા ઘટતાં સોના-ચાંદીના ભાવમાં દિવસ દરમિયાન બેતરફી વધઘટ જોવા મળી હતી, જ્યારે ક્રૂડ ઓઈલના ભાવમાં તેજી અટકી પીછેહટ નોંધાઈ હતી.વિશ્વ બજારમાં સોનાના ભાવ દિવસ દરમિયાન વધઘટ સાથે પ્રતિ ઔંસ ૪૦૧૭થી ૪૦૩૯ ડોલરની વચ્ચે રહ્યા હતા. બીજી તરફ ચાંદીના ભાવ પ્રતિ ઔંસ આશરે ૫૮.૧૫ ડોલર રહ્યા હતા. ડોલર ઈન્ડેક્સમાં પણ ઘટાડા બાદ ફરી વધારો નોંધાતા કિંમતી ધાતુઓના ભાવમાં અસ્થિરતા જોવા મળી હતી.મુંબઈ બુલિયન માર્કેટમાં જીએસટી વગર ૯૯૫ શુદ્ધતાવાળું સોનું રૂ. ૧,૪૧,૨૦૨ પર ખુલ્યું અને રૂ. ૧,૪૧,૩૪૦ પર બંધ રહ્યું હતું. જ્યારે ૯૯૯ શુદ્ધતાવાળું સોનું રૂ. ૧,૪૧,૭૭૦ પર ખુલ્યું અને રૂ. ૧,૪૧,૯૦૮ પર બંધ થયું હતું. ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૨,૨૦,૩૯૧ પર ખુલ્યા બાદ ઘટીને રૂ. ૨,૧૯,૭૧૧ પર બંધ રહ્યા હતા.અમદાવાદ ઝવેરી બજારમાં ૯૯૫ શુદ્ધતાવાળું સોનું રૂ. ૧,૪૬,૨૦૦, જ્યારે ૯૯૯ શુદ્ધતાવાળું સોનું રૂ. ૧,૪૯,૫૦૦ પ્રતિ ૧૦ ગ્રામ નોંધાયું હતું. ચાંદીના ભાવ રૂ. ૨,૨૩,૦૦૦ પ્રતિ કિલો રહ્યા હતા.ક્રૂડ ઓઈલ બજારમાં પણ તેજી પર બ્રેક લાગી હતી. બ્રેન્ટ ક્રૂડ, જે અગાઉ બેરલદીઠ ૮૭.૫૫ ડોલર સુધી પહોંચ્યું હતું, તે ઘટીને આશરે ૮૪.૮૧ ડોલર રહ્યું હતું. યુએસ ક્રૂડ પણ ૮૧.૮૭ ડોલરની ટોચ પરથી ઘટીને આશરે ૭૯.૪૧ ડોલર પ્રતિ બેરલ નોંધાયું હતું.અન્ય કિંમતી ધાતુઓમાં પ્લેટીનમના વૈશ્વિક ભાવ પ્રતિ ઔંસ ૧૬૨૨ ડોલર રહ્યા હતા, જ્યારે મુંબઈ બજારમાં પ્લેટીનમના ભાવમાં રૂ. ૫૦૦નો વધારો થઈ ૧૦ ગ્રામના રૂ. ૫૭,૦૦૨ નોંધાયા હતા. પેલેડિયમના ભાવ પ્રતિ ઔંસ ૧૨૯૩ ડોલર રહ્યા હતા.કોપરના વૈશ્વિક બજારમાં પણ મિશ્ર વલણ જોવા મળ્યું હતું. ચીનમાં કોપરની સપ્લાય ઘટ્યાના અહેવાલોને કારણે કોપરના ભાવ ત્રણ સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા. જોકે ત્યારબાદ તેમાં પણ વધઘટ જોવા મળી હતી.બજારના નિષ્ણાતોના જણાવ્યા મુજબ અમેરિકાના ફુગાવા, ડોલર ઈન્ડેક્સમાં થતા ફેરફાર અને વૈશ્વિક આર્થિક સંકેતોને કારણે આગામી દિવસોમાં પણ સોના-ચાંદી તથા ક્રૂડ ઓઈલના ભાવમાં અસ્થિરતા યથાવત્ રહેવાની શક્યતા છે.

કે.ડી NEWS

તારીખ : 16/07/2026

# કપાસના ઊભા પાકમાં ચૂસિયા જીવાતો અને ઈયળોના સંકલિત વ્યવસ્થાપન અંગે ખેડૂતોએ તકેદારીના પગલા લેવા

અમરેલી તા.૧૬ જુલાઈ,૨૦૨૬ (ગુરૂવાર) - કપાસના ખેતરમાં મોજણી અને નિગાહ માટે હેક્ટરે પાંચ પાન ખાનાર ઈયળ અને પાંચ ગુલાબી ઈયળના ફૂદાને આકર્ષતા ફેરોમોન ટ્રેપ મૂકવા જેથી આપણને ઉપદ્રવના શરૂઆતની આગોતરી જાણ થાય. જો ખેતરમાં લાઈટની વ્યવસ્થા હોય તો પ્રકાશ પિંજર ગોઠવી મોટા પાયે ફૂંદીઓનો નાશ કરી શકાય. પાન ખાનાર ઈયળના ન્યુક્લિયર પોલિહેડ્રોસિસ વાયરસ ૨૫૦ ઈયળ એકમ જરૂરી પાણીના જથ્થામાં ઉમેરી હેક્ટર વિસ્તારમાં છાંટવાથી આવી ઈયળોમાં રોગ લાગુ પડતા સારૂ નિયંત્રણ મળે છે. સફેદમાખી, તડતડિયાં, મોલો, થ્રીપ્સ, પાનકથીરીના ઉપદ્રવ વખતે તેમજ પાન ખાનાર ઈયળોનો ઉપદ્રવ થતાંની સાથે જ સીધી જ રાસાયણિક દવાઓનો ઉપયોગ ન કરતા કોઈ પણ લીમડા આધારિત દવાઓ ૨૦ મિ.લિ. (૧ ઈસી) થી ૪૦ મિ.લિ. (૦.૧૫ ઈસી) અથવા લીંબોળીની મીંજનો ભૂકો ૫૦૦ ગ્રામ (૫% અર્ક) અથવા બેસીલસ થુરીન્જીન્સીસ નામના બેક્ટેરીયાનો પાવડર ૧૦-૧૫ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. ઓક્ટોબર માસના અંતથી લઈ કપાસની છેલ્લી વીણી સુધી હેક્ટરે ૪૦ પ્રમાણે ગુલાબી ઈયળની ફૂદી માટેના ફેરોમોન ટ્રેપ ગોઠવવા. નવેમ્બરના પ્રથમ સપ્તાહની શરૂઆતથી હેક્ટરે ૧.૫ લાખ ટ્રાઈકોગામા ભમરી અઠવાડીયાના ગાળે ૪-૫ વખત અને ડિસેમ્બરના પ્રથમ અને બીજા અઠવાડીયામાં હેક્ટરે ૧૦ હજાર પ્રમાણે લીલી પોપટીની ઈયળો છોડવાથી જૈવિક નિયંત્રણનો લાભ લઈ શકાય. કપાસના ખેતરમાં મકાઈની છાંટ નાખવાથી જીવાતના જૈવિક નિયંત્રકોની સંવર્ધન પ્રક્રિયામાં વધારો થાય છે.જીંડવા કોરી ખાનાર ઈયળો જ્યારે ક્ષમ્ય માત્રા વટાવે ત્યારે તેના નિયંત્રણ માટે ક્વિનાલફોસ ૨૫ ઈસી ૨૦ મિ.લિ., ફેનવાલેરેટ ૨૦ ઈસી ૧૦ મિ.લિ., એમામેક્ટીન બેન્ઝોએટ ૫ ડબ્લ્યુજી ૨ ગ્રામ, સ્પીનોસાડ ૪૫ એસસી 3 મિ.લિ., ક્લોરાન્ટ્રાનિલીપ્રોલ ૧૮.૫ એસસી 3 મિ.લિ., ફ્લુબેન્ડિયામાઈડ ૪૮૦ એસસી 3 મિ.લિ. પૈકી ગમે તે એક દવા ૧૦ લિટર પાણીમાં ભેળવીને છંટકાવ કરવો અને દરેક છંટકાવ વખતે દવા બદલવી. સફેદમાખી, તડતડિયા, મોલો, થ્રીપ્સના નિયંત્રણ માટે થાયાક્લોપ્રિડ ૪૮ એસસી ૫ મિ.લિ. અથવા ફ્લોનિકામાઈડ ૫૦ ડબ્લ્યુજી 3 ગ્રામ, ડાયફેન્થ્યુરોન ૫૦ ડબ્લ્યુપી ૧૦ ગ્રામ, ફિપ્રોનિલ ૫ એસસી ૨૦ મિ.લિ., એસિફેટ ૫૦% + ઈમીડાક્લોપ્રીડ ૧.૮% (૫૧.૮ એસપી) ૧૦ મિ.લિ., એસિફેટ ૨૫% + ફેનવાલેરેટ 3% (૨૮ ઈસી) ૧૦ મિ.લિ. પૈકી કોઈપણ એક કીટનાશક દવા ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. ખેત ઓજારો જેવા કે હળ, લાકડા કરબ, ટ્રેક્ટર વગેરેને ચીક્ટો ઉપદ્રવિત ખેતરમાં ઉપયોગ કર્યા પછી ખેતરમાં ખેડ કરવા જતાં પહેલાં પાણીના ફુવારાથી બરાબર સાફ કરીને અથવા કીટનાશી દવાનો છંટકાવ કરી ઉપયોગ કરવો.

કપાસના પાકમાં મિલીબગ ઉપર એનાગિરસ બમ્બાવાલે નામના ભમરીઓ ૪૦ થી ૭૦ ટકા પરજીવીકરણ કરે છે. ક્રિપ્ટોલેમસ મોન્ટ્રુઝીરી અને બ્રુમસ સુચુરાલિસ નામના પરભક્ષી ઢાલિયા મિલીબગને ખાય છે. આવાં કુદરતી નિયંત્રકોની હાજરી હોય ત્યારે ઝેરી કીટનાશી દવાનો છંટકાવ કરવાનું ટાળવું અને જરૂર જણાય તો લીમડા આધારિત દવાનો છંટકાવ કરવો. હવામાં ભેજનું પ્રમાણ વધારે હોય ત્યારે વર્ટીસીલીયમ લેકાની અથવા બીવેરિયા બેસિયાના નામની રોગપ્રેરક ફૂગ ૪૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ભેળવી સાંજના સમયે છંટકાવ કરવો. વધુમાં દવાના વપરાશ વખતે દવા ઉપર આપવામાં આવેલ લેબલ મુજબ જે તે પાક માટે, આપવામાં આવેલ ડોઝ અને જે તે રોગ/જીવાત માટેની દવા છે તે ભલામણ મુજબ અનુસરવું. આ અંગે વધુ જાણકારી આપના વિસ્તારના ગ્રામસેવક, વિસ્તરણ અધિકારી, ખેતી અધિકારી, તાલુકા અમલીકરણ અધિકારી, મદદનીશ ખેતી નિયામક, જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) કે નાયબ ખેતી નિયામક (તાલીમ)નો સંપર્ક કરવો તેમ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીની યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

કે.ડી. NEWS

તારીખ : 16/07/2026

# અમરેલીમાં શ્રી નેજાધારી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા માનવસેવાના ઉદ્દેશ સાથે ભવ્ય રક્તદાન કેમ્પ યોજાયો



અમરેલી શહેરના જેસીંગપરા ખાતે શ્રી નેજાધારી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા માનવસેવાના પવિત્ર ભાવ સાથે ભવ્ય રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. સમાજમાં રક્તદાન પ્રત્યે જાગૃતિ ફેલાય અને જરૂરિયાતમંદ દર્દીઓને સમયસર રક્ત ઉપલબ્ધ થાય તેવા ઉમદા હેતુથી યોજાયેલા આ કેમ્પમાં મોટી સંખ્યામાં રક્તદાતાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ રક્તદાન કર્યું હતું.આ પ્રસંગે ગુજરાત સરકારના રાજ્ય કક્ષાના મંત્રી તથા અમરેલીના ધારાસભ્ય શ્રી કૌશિકભાઈ વેકરિયા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે રક્તદાતાઓને પ્રોત્સાહિત કરતાં જણાવ્યું હતું કે,"રક્તદાન એ મહાદાન છે. એક રક્તદાતા અનેક જિંદગીઓને નવજીવન આપી શકે છે." તેમણે શ્રી નેજાધારી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવતી સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવી હતી અને આવા લોકહિતના આયોજનો સમાજ માટે પ્રેરણારૂપ હોવાનું જણાવ્યું હતું.કાર્યક્રમમાં વિવિધ ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, સામાજિક આગેવાનો, ટ્રસ્ટના હોદ્દેદારો, કાર્યકરો તેમજ મોટી સંખ્યામાં રક્તદાતાઓ ઉપસ્થિત રહ્યા હતા.અને રક્તદાન કેમ્પ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

તારીખ : 16/07/2026

# બેટી બચાવો, બેટી ભણાવો અભિયાનને મળી નવી દિશા: અમરેલી જિલ્લાના ગામોમાં લોકનાટ્ય દ્વારા જાગૃતિનો સંદેશ



ભારત સરકારની 'બેટી બચાવો, બેટી ભણાવો' યોજના અંતર્ગત અમરેલી જિલ્લા વહીવટી તંત્ર અને બીબીબીપી સેલ, અમરેલીના સંયુક્ત ઉપક્રમે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં જનજાગૃતિ લાવવાના હેતુથી વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

અમરેલી જીલ્લાના ખાંભા તાલુકાના નાનુડી અને જામકા ગામમાં તેમજ તા. ૧૪ જુલાઈ, ૨૦૨૬ના રોજ જાફરાબાદ તાલુકાના વરાહ અને હેમાલ ગામમાં સંસ્કાર કલા કેન્દ્ર, રાજકોટ દ્વારા ગમ્મત સાથે જ્ઞાન આપતું અસરકારક લોકનાટ્ય રજૂ કરવામાં આવ્યું હતું.આ નાટક દ્વારા બેટી બચાવો, બેટી ભણાવો, બાળલગ્ન પ્રતિબંધ, કન્યા કેળવણીનું મહત્વ, બાળિકા ઓના શિક્ષણ અને સુરક્ષા, તેમજ સ્ત્રી-પુરુષ સમાનતા જેવા અગત્યના વિષયો સરળ અને રસપ્રદ રીતે રજૂ કરવામાં આવ્યા હતા.

લોકભોગ્ય શૈલીમાં રજૂ થયેલા કાર્યક્રમને ગ્રામજનોએ ઉત્સાહભેર નિહાળ્યો હતો.

કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત નાગરિકોને બાળિકાઓના શિક્ષણને પ્રોત્સાહન આપવા, બાળલગ્ન જેવી સામાજિક કુરૂઢિઓનો વિરોધ કરવા તથા દીકરીઓને સમાન તક અને સન્માન આપવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

તારીખ : 16/07/2026

# ખાંભામાં પૂજ્યશ્રી વેલનાથબાપુ જન્મજયંતિ નિમિત્તે ભવ્ય શોભાયાત્રા યોજાઈ






શ્રી ચુવાળીયા કોળી ઠાકોર સમાજ, ખાંભાના આયોજને પરમ પૂજ્ય સંતશ્રી વેલનાથબાપુની જન્મજયંતિ નિમિત્તે આજે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર ખાંભા શહેર ભક્તિમય વાતાવરણથી ગુંજી ઉઠ્યું હતું અને મોટી સંખ્યામાં સમાજના લોકો ઉમટી પડતાં ઉત્સવને ભવ્યતા પ્રાપ્ત થઈ હતી.શોભાયાત્રા સવારે શ્રી વેલનાથબાપુ મંદિર, મીતિયાળા રોડ ખાતેથી વૈદિક મંત્રોચ્ચાર, જયઘોષ અને ભજન-કીર્તન સાથે પ્રસ્થાન કરી હતી. માર્ગભરમાં શ્રદ્ધાળુઓએ પુષ્પવર્ષા કરી શોભાયાત્રાનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. ભક્તિમય ધૂન અને જયઘોષના નાદથી સમગ્ર વિસ્તાર આધ્યાત્મિક રંગે રંગાઈ ગયો હતો.આ પ્રસંગે વિવિધ રાજકીય, સામાજિક અને જ્ઞાતિના આગેવાનો, સમાજના વડીલો, માતાઓ-બહેનો, યુવાનો તથા મોટી સંખ્યામાં જ્ઞાતિજનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જન્મજયંતિ મહોત્સવના ભાગરૂપે ગઈકાલે રાત્રે ભજન, ધૂન અને સત્સંગનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ભક્તોએ ઉપસ્થિત રહી ભક્તિરસનો આનંદ માણ્યો હતો.શોભાયાત્રા પૂર્ણ થયા બાદ સમાજવાડી ખાતે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ભાવિકોએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો.પૂજ્યશ્રી વેલનાથબાપુની જન્મજયંતિ નિમિત્તે યોજાયેલા આ સમગ્ર કાર્યક્રમથી ખાંભામાં ભક્તિ, શ્રદ્ધા, સામાજિક સમરસતા સાથે સમગ્ર વાતાવરણ ભક્તિમય બન્યું હતું સંત શિરોમણી વેલનાથ બાપુના ચરણોમાં વંદન કરી બધાની સુખાકારી માટે પ્રાર્થના કરાઈ હતી.



કે. ડી. NEWS

તારીખ : 16/07/2026

# કાણકિયા કોલેજમાં પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે વેલકમ ડે ઉજવાયો

શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રી વી. ડી. કાણકિયા આર્ટસ એન્ડ એમ. આર. સંઘવી કોમર્સ કોલેજ સાવરકુંડલા દ્વારા પ્રથમ વર્ષના કોમર્સ તેમ જ આર્ટસના વિદ્યાર્થીઓ માટે પ્રવેશોત્સવ (વેલકમ ડે) નું આયોજન કરવામાં આવ્યું હતું.કોલેજના પ્રિન્સિપાલ ડો. એસ. સી. રવિયાના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ કાર્યક્રમની શરૂઆત સર્વધર્મ પ્રાર્થનાથી થઈ હતી. ત્યારબાદ કોલેજના પ્રિન્સિપાલ ડો. એસ. સી. રવિયા સાહેબે કોલેજમાં અભ્યાસની સાથે વિવિધ પ્રવૃતિઓ દ્વારા વ્યક્તિત્વ ઘડતર અને કારકિર્દી ઘડતર કેવી રીતે થઈ શકે, જીવનમાં શિસ્ત અને અનુશાસનનું મહત્વ સમજાવીને વિદ્યાર્થીઓ સારા નાગરિક બને અને રાષ્ટ્રવિકાસમાં પોતાનું યોગદાન આપે એવી શુભેચ્છાઓ આપી હતી.આ તકે હાજર તમામ અધ્યાપકો દ્વારા પોતાના વિષય અંગે અને પોતાના દ્વારા ચલાવવામાં આવતી વિવિધ વિદ્યાર્થી વિકાસલક્ષી પ્રવૃતિઓ વિશે જાણકારી આપવામાં આવી હતી. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓનું ચોકલેટ આપીને મોં મીઠું કરાવવામાં આવ્યું હતું.આ કાર્યક્રમની સાથે સાથે કોલેજમાં સાયકોલોજી વિષયમાં નવા નિમણુંક પામેલા પ્રો. પ્રાંજલ વ્યાસનું પણ પુષ્પગુચ્છ આપીને સન્માન કરવામાં આવ્યું હતું. આ તકે શ્રી નૂતન કેળવણી મંડળના ટ્રસ્ટીઓ શ્રી વિનુભાઈ રાવળ, શ્રી જાબીરભાઈ ચૌહાણ, જાણીતા કેન્સર સર્જન ડો. દિપકભાઈ શેઠ વિશેષ રીતે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે સૌ સ્ટાફ મિત્રોએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંકલન અને સંચાલન કોમર્સ વિભાગના પ્રો. ડો. કલ્પેશ રાડિયા દ્વારા કરવામાં આવ્યું હતું.





તારીખ : 16/07/2026

કે.ડી. NEWS

ના નેગેટીવ ન્યુઝ

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કારીગરો જોઈએ છે

બાંધણીના તોરણમા કાચનુ કામ ઘરેથી કરી શકે તેવા કારીગરોની જરૂર છે.

હેન્ડીકાફ્ટ કામના જાણકાર બહેન નોકરી માટે જરૂર છે.

**સ્થળ : ઈન્દુ પ્લાઝા, સાવરકુંડલા.**

**મો. 94082 80715**

તારીખ : 16/07/2026

# આવતીકાલે અમરેલી ITIમાં રોજગાર ભરતીમેળો યોજાશે

Industrial Training Institute

અમરેલી જિલ્લા રોજગાર વિનિમય કચેરી અને ઔદ્યોગિક તાલીમ સંસ્થાના સંયુક્ત ઉપક્રમે આગામી 17 જુલાઈ 2026 શુક્રવારના રોજ સવારે 11:00 વાગ્યે લાઠી રોડ સ્થિત ITI અમરેલી ખાતે રોજગાર ભરતીમેળાનું આયોજન કરાયું છે. ભરતીમેળામાં શીતલ કૂલપ્રોડક્ટ્સ લિમિટેડ, ક્રેડિટ એક્સેસ,ગ્રામીણ લિમિટેડ તેમજ HDFC Life Insurance સહિતનીકંપનીઓ વિવિધ જગ્યાઓ માટે લાયક ઉમેદવારોની સીધી પસંદગીકરશે. ધોરણ-10 પાસથી લઈને અનુસ્નાતક સુધીની શૈક્ષણિક લાયકાત ધરાવતા મહિલા અને પુરુષ ઉમેદવારો ભરતીમેળામાં ભાગ લઈ શકશે. ઉમેદવારોએ પોતાના મૂળ શૈક્ષણિક આધારકાર્ડ અને બાયોડેટા સાથે હાજર રહેવાનું રહેશે. પ્રમાણપત્રો,આયોજકોએ ઉમેદવારોને ભરતીમેળા પહેલાં અનુબંધમ પોર્ટલ પર ઓનલાઈન નોંધણી કરાવવાની અપીલ કરી છે. વધુ માહિતી માટે જિલ્લા રોજગાર વિનિમય કચેરી, અમરેલીના ફોન નંબર 02792-223394 પર સંપર્ક કરવા જણાવાયું છે.

તારીખ : 16/07/2026

# અમરેલી જિલ્લામાં રાજ્યવ્યાપી યોગાસન સ્પર્ધા-૨૦૨૬નું આયોજન

## સ્પર્ધામાં ભાગ લેવા માટે તા. ૨૭ જુલાઈ સુધીમાં નોંધણી કરાવવી

અમરેલી તા. ૧૬ જુલાઈ,૨૦૨૬ (ગુરૂવાર) - ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત રાજ્ય યોગ બોર્ડ (GSYB) દ્વારા સમગ્ર રાજ્યમાં 'યોગાસન સ્પર્ધા-૨૦૨૬' નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ અન્વયે અમરેલી જિલ્લા કક્ષાની સ્પર્ધા આગામી તારીખ ૦૧ અને ૦૨ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ યોજાનાર છે. જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી વિજેતા બનનારા સ્પર્ધકોને ત્યારબાદ ઝોન કક્ષા અને અંતે રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ભાગ લઈ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરવાની સુવર્ણ તક મળશે.આ સ્પર્ધાને વયજૂથના આધારે મુખ્ય ચાર વિભાગોમાં વહેંચવામાં આવી છે, જેમાં ૦૯ થી ૧૬ વર્ષ (કેટેગરી-૧), ૧૭ થી ૩૫ વર્ષ (કેટેગરી-૨), ૩૬ વર્ષ કે તેથી વધુ ઉંમરના નાગરિકો (કેટેગરી-૩) તેમજ GSYB કોચ અને ટ્રેનર (કેટેગરી-૪) નો સમાવેશ થાય છે. સ્પર્ધામાં ભાગ લેનારા તમામ ઉત્સાહી સ્પર્ધકોને પ્રોત્સાહનરૂપે ડિજિટલ સર્ટિફિકેટ એનાયત કરવામાં આવશે, જ્યારે જિલ્લા સ્તરે વિજય મેળવનાર વિજેતાઓને આકર્ષક રોકડ ઈનામ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવશે. અમરેલી જિલ્લાના યોગ કોઓર્ડિનેટર સાગર મહેતા દ્વારા જિલ્લાની તમામ સરકારી તથા ખાનગી શાળાઓ, કોલેજો, સ્થાનિક યોગ કેન્દ્રો અને તમામ યોગપ્રેમી નાગરિકોને આ રાજ્યસ્તરીય યોગ અભિયાનમાં મોટી સંખ્યામાં જોડાવા અને ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવા અનુરોધ કરવામાં આવ્યો છે. આ સ્પર્ધા માટે ઓનલાઈન નોંધણી કરવાની છેલ્લી તા. ૨૭ જુલાઈ, ૨૦૨૬ છે. રસ ધરાવતા સ્પર્ધકો સત્તાવાર પોર્ટલ પર જઈને વિનામૂલ્યે ઓનલાઈન નોંધણી કરાવી શકે છે. રજીસ્ટ્રેશન પ્રક્રિયા અથવા અન્ય કોઈ પણ પ્રકારની પૂછપરછ કે મદદ માટે મોબાઈલ નંબર 9033316841 પર સંપર્ક કરવો.

# કે.ડી. NEWS

તારીખ : 16/07/2026

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




તારીખ : 16/07/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## એનિવર્સરી કેક - બેબીશાવર કેક - સગાઈ કેક
## ફોન્ડન્ટ કેક - મેક અપ કીટ કેક - ફોટો કેક

# અઢળક કેકની વેરાયટીઓ



## New collection

મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ ની તમામ આઈટમ મળશે..

તમને મળશે બધાથી અલગ
અને તે પણ આપના બજેટમાં

લાઈવ કેક માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં તેમજ ડેકોરેશનનું એકમાત્ર વિશ્વાસ પાત્ર સ્થળ

# નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 16/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટસએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# HAPPY BIRTHDAY



## કિશોરભાઈ તેરૈયા

જીલ્લા ભાજપ અમરેલી બક્ષી પંચ મોરચો
આઈ ટી સહ ઈન્ચાર્જ
સાવરકુંડલા તાલુકો

HAPPY BIRTHDAY



કે.કે. NEWS
ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
12K
Reactions and plays
1,526
1,23,873
Reactions and plays
1,573
1,22,466
Reactions and plays
821
1,03,175
Vishwa karma Industrials
Reactions and plays
887
1,01,645
Reels
Friends
વિશ્વાસ અને પ્રેમનું
બીજું નામ
Reactions and plays
634
94,382
Reactions and plays
1,149
99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 16/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Shree Shivkrupanand Swami
Year2026

Gurutattva

3455
16/07/2026
Thursday

## आत्मा

गुरु वर्तमान काल का विश्वचेतना का माध्यम होता है, इसी लीये गुरु को "साक्षात परब्रम्ह" कहा है।

बाबास्वामी
16/7/2026



'Nijdham', Dhyanasthali Gandhinagar, Mahudi Anodiya Road,
Mahudi - 382855, Gandhinagar, Gujarat, India.
**Email :** swamiji.office@gurutattva.org,
**Telegram : t.me/ShreeShivkrupanandSwami Whatsapp : Shivkrupanand Swami**

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 16/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ગુરુદેવ કહે છે...

"નિંદકના જીવનનીસૌથી મોટી કરુણતા એ છે કે એની પાસે રહેલ વાક્પટુતાના કારણે એના પ્રત્યે કેટલાક લોકોનું આકર્ષણ ઊભું પણ રહે છે તો ય એની વિશ્વસનીયતા તો ખતમ થઈને જ રહે છે."




આચાર્ય વિજય રત્નસુંદર સુરિશ્વરજી મહારાજ



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 16/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




**પત્નીઃ** "સાંભળો, મને સોનાનો હાર જોઈએ." પતિઃ "હું તો રોજ 'સોનેરી સપના' જ બતાવું છું, એ ઓછા પડે છે શું?"...

**મિત્રઃ** "આજે સોનાનો ભાવ કેટલો?" બીજો મિત્રઃ "એ તો ખબર નથી, પણ મારા ખિસ્સાનો ભાવ ચોક્કસ ઘટી ગયો!"....

**ચિન્ટુ** સોના-ચાંદીના ભાવ સાંભળીને મારો ખિસ્સો બોલ્યોઃ "ભાઈ, દુકાનની બહારથી જ દર્શન કરીને ઘરે ચાલો!"

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 16/07/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# 16 જુલાઈ
# મહત્વની ઘટનાઓ

**જન્મ**

૧૮૪૪ – હરગોવિંદદાસ કાંટાવાલા, લેખક, સંપાદક અને સંશોધક (અ. ૧૯30)

૧૯૦૯ – અરુણા આસફ અલી, ભારતીય સ્વાતંત્ર્યસેનાની, રાજકીય કાર્યકર્તા, શિક્ષણશાસ્ત્રી અને પ્રકાશક (અ. ૧૯૯૬)

૧૯૩૬ – વેંકટરામન સુબ્રમણ્યમ , ભારતીય ક્રિકેટર

૧૯૪૨ – મધુ રાય, ગુજરાતી વાર્તાકાર, નવલકથાકાર અને નાટ્યકાર

૧૯૬૮ – લેરી સેંગર, અમેરિકન ઈન્ટરનેટ પ્રોજેક્ટ ડેવલપર અને ઈન્ટરનેટ એનસાયક્લોપીડિયા વિકિપીડિયાના સહ-સ્થાપક

૧૯૬૮ – ધનરાજ પિલ્લે, ભૂતપૂર્વ ફિલ્ડ હોકી ખેલાડી અને ભારતીય રાષ્ટ્રીય ટીમના પૂર્વ કેપ્ટન

૧૯૮૩ – લીના જુમાની, ભારતીય અભિનેત્રી અને મૉડલ

૧૯૮૪ – કૅટરિના કૈફ, હિન્દી ચલચિત્ર અભિનેત્રી

**અવસાન**

૧૯૧૯ – ભાવસિંહજી દ્વિતીય, ભાવનગરના ગોહિલ વંશના મહારાજા (જ. ૧૮૭૫)

૧૯૭૩ – મીઠુબેન પેટીટ, ભારતીય સ્વાતંત્ર્ય સેનાની (જ. ૧૮૯૨)

૧૯૯૪ – જુલિયન શ્વાઈન્ગર, નોબલ પારિતોષિક વિજેતા ભૌતિકશાસ્ત્રી (જ. ૧૯૧૮)

૨૦03 – દિલીપ રાણપુરા, ગુજરાતી ભાષાના નવલકથાકાર, વાર્તાકાર, ચરિત્રકાર (જ. ૧૯૩૨)

તારીખ : 16/07/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## વ્યાપારી માટે




# હોલસેલ ભાવે

## નાની-મોટી

# ચીઠ્ઠી બુક

## વિદ્યાર્થીઓ માટે

# રફ ચોપડા



તેમજ

લખવા માટેની **કોરી પસ્તી**

SINCE 1923 KD NEWS PAPER

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

તારીખ : 16/07/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



# ફ્રેશ પસ્તી




સાવરકુંડલા માટે **ફ્રી ડીલેવરી**

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

**94997 97973**

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 16/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના

# સાળંગપુરના આજના દર્શન



કે.ડી NEWS

## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

# કે.ડી ન્યૂઝ સાથે...




| Instagram | Facebook | YouTube | WhatsApp |
| --- | --- | --- | --- |
| 76K | 52K | 34K | 100K |

**સંપર્ક : મો. 94997 97973**